# “પાણીના ટીપે ટીપેથી બને છે મહાસાગર, પાણીથી જજીવન થાય છે ઉજાગર”

## સુજલામ સુફલામ જળ અભિયાન – ૨૦૨૩નો વ્યારાના કાટકુઇ ખાતેથી શુભારંભ કરાવતા રાજ્ય કક્ષાના મંત્રીશ્રી કુંવરજીભાઈ હળપતિ





## તાપી જિલ્લામાં સુજલામ સુફલામ જળઅભિયાન હેઠળ ૩૦૬ જેટલા પ્રાથમિક માસ્ટર પ્લાન હેઠળના કામો ૧૮.૭૬ કરોડના ખર્ચે પરિપુર્ણ કરવામાં આવશે.

કમલમ્ ન્યુઝ,સમીર શાહ

ગુજરાત રાજ્યસરકાર દ્વારા સુજલામ સુફલામ જળ અભિયાન-૨૦૨૩ અંતર્ગત તળાવો, ચેકડેમો ઉંડા કરવાનું કાર્ય ઝંબેશરૂપે હાથ ધરવામાં આવેલ છે. જે અન્વયે તાપી જિલ્લામાં આજે સુજલામ સુફલામ જળ અભિયાન – ૨૦૨૩નો શુભારંભ કાર્યક્રમ રાજ્ય કક્ષાના મંત્રીશ્રી, આદિજાતિ વિકાસ, શ્રમ અને રોજગાર, ગ્રામ વિકાસ વિભાગ, ગુજરાત સરકારશ્રી કુંવરજીભાઈ હળપતિના અધ્યક્ષસ્થાને યોજાયો હતો. આ પ્રસંગે અધ્યક્ષાસ્થાનેથી રાજ્ય કક્ષાના મંત્રીશ્રી, આદિજાતિ વિકાસ, શ્રમ અને રોજગાર, ગ્રામ વિકાસ વિભાગ, ગુજરાત સરકારશ્રી કુંવરજીભાઈ હળપતિએ સૌને પ્રેરિત કરતા જણાવ્યું હતું કે, ગુજરાત સરકાર પાણીદાર સરકાર છે.આ સરકાર છેવાડાના માનવીને વિકાસની ધારામાંથી બાકાત ન રહે તે માટે કટીબધ્ધ છે. તેમણે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ જે મુજબ “એક ભારત શ્રેષ્ઠ ભારત” નો નારો આપ્યો તેમ “એક કાટકુઇ શ્રેષ્ઠ કાટકુઇ” બનાવવા તમામ અધિકારી, પદાધિકારી અને જાહેર જનતાને અપીલ કરી હતી. મંત્રીશ્રીએ નાગરિકોને પાણીનુ મહત્વ સમજાવતા કહ્યુ હતું કે, આ યોજના હેઠળ વિવિધ ગામોમાં જળસંચઈના કામો કરવામાં આવનાર છે. પરંતું જળના મહત્વને ન સમજો તો કોઈ અર્થ ન રહે. સરકાર જ્યારે તમારા ઘરઆંગણે સહાય આપવા આવી છે. ત્યારે કાળજી પુર્વક પાણીનો ઉપયોગ કરવા અપીલ કરવાની સાથે તળાવમાંથી નીકળતી માટીનો ઉપયોગ ખેતરમાં અને રોડ રસ્તામાં કરવા ખાસ અનુરોધકર્યો હતો. અંતે તેમણે ઈ-ગ્રામ પંચાયત, નળ સે જળ યોજના જેવી વિવિધ યોજનાઓ અંગે જાણકારી આપી કાટકુઈ ગામને વધુ સમૃધ્ધ બને તે માટે સુચારૂ વ્યવસ્થા કરવા જણાવ્યું હતું. કાર્યક્રમમાં જિલ્લા કેલકટર સુશ્રી ભાર્ગવી દવેએ જણાવ્યું હતું કે, તાપી જિલ્લામાં અગાઉના વર્ષમાં સુજલામ સુફલામ જળ અભિયાન-૨૦૨૨ દરમ્યાન વિભાગ તથા લોકભાગીદારી થકી જળસંચયના કુલ ૩૬૮ કામો રૂ.૧૯૭૯.૬૮ લાખના ખર્ચે હાથ ધરી પુર્ણ કરવામાં આવેલ હતા. આ વર્ષે સુજલામ સુફલામ જળ અભિયાન-૨૦૨૩ હેઠળ લોકભાગીદારી થકી હાથ ધરવામાં આવશે. જેમાં ૩૦૬ જેટલા કામો અંદાજિત ૧૯ કરોડની માતબાદ રકમ હેઠળ કરવામાં આવશે. વધુમાં તેમણ “જળ એજ જીવન છે” એમ કહી જળ સંચયના કામો કરવાની સાથે સાથે જળ બચાવવા નાગરિકોને જળના મહત્વ અંગે જાગૃત કરવા અને આપણા જિલ્લાને વધુ હરીયાળું અને જળથી સમૃધ્ધ બનાવવા સૌને અપીલ કરી હતી. કાર્યપાલક ઈજનેર શ્રીની કચેરી, પંચાયત સિંચાઈ વિભાગ, તાપી-વ્યારા હેઠળ “આવો, આપણે સૌ જળ બચાવીએ, જળનું જતન કરીએ” સુત્રને ચેરિતાર્થ કરવા તાપી જીલ્લાના વ્યારા તાલુકાના કાટકુઈ ગામ ખાતે તળાવ ઉંડુ કરવાનું કામ હેઠળ માટી કામનો અંદાજિત જથ્થો ૯,૫૦૦ ઘનમીટર છે. જેમાં સ્વૈચ્છિક સંસ્થા પ્રકૃતિ ચેરીટેબલ ટ્રસ્ટ, વ્યારાના સહયોગથી તા. ૧૭/૦૨/૨૦૨૩ થી ૩૧/૦૫/૨૦૨૩ સમયગાળા દરમિયાન આ કામગીરી ઝુંબેરૂપે પુર્ણ કરવામાં આવશે. કાર્યકમમાં ખાતમુહુર્ત બાદ મહાનુભાવોના હસ્તે બલુન સીડ આકાશમાં છોડવામાં આવ્યા હતા. આ સાથે સુજલામ સુફલામ જળ અભિયાન હેઠળની ડોક્યુમેન્ટ્રી ફિલ્મ ઉપસ્થિત સૌએ નિહાળી હતી. કાટકુઈ ગામની પ્રાથમિક શાળાની બાળઓ દ્વારા મનમોહક સ્વાગતનૃત્ય રજુ કરવામાં આવ્યું હતું.

જેને મંત્રીશ્રીએ બીરદાવી બાળાઓને રૂપિયા બે હજાર ભેટ રૂપે આપી પ્રોત્સાહિત કર્યા હતાં. આ પ્રસંગે સિંચાઈ વિભાગના કા.પા.ઈશ્રી ડી.બી.પટેલે સ્વાગત પ્રવચન કરતા જણાવ્યું હતુ કે, તાપી જિલ્લામાં સુજલામ સુફલામ જળઅભિયાન હેઠળ ૩૦૬ જેટલા પ્રાથમિક માસ્ટર પ્લાન હેઠળના કામો પંસદ કરવામાં આવ્યા છે. જે કામો અંદાજીત ૧૮.૭૬ કરોડના ખર્ચે પરિપુર્ણ કરવામાં આવશે. આ કાર્યક્રમમાં ઈંચા.ડી.ડી.ઓ અને આર.એ.સી આર.જે.વલવી, પ્રાયોજના વહિવટ દારસુશ્રી અંકિતા પરમાર, વ્યારા પ્રાંત અધિકારીશ્રી હિમાંશુ સોલંકી, તાલુકા પંચાયત પ્રમુખ જસુબેન ગામીત સહિત વિવિધ મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમને સુચારૂ રીતે પાર પાડવા કાર્યપાલક ઈજનેરશ્રીની કચેરી, પંચાયત સિંચાઈ વિભાગના અધિકારીશ્રી-કર્મચારીશ્રીઓએ ભારે જહેમત ઉઠાવી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન અરવિંદભાઈ ગામીતે કર્યું હતું.

# મુન્દ્રાની આર. ડી. પ્રાથમિક શાળાના ૪૩ બાળકોને વિનામૂલ્યે ચશ્મા વિતરણ કરાયા

## રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ અંતર્ગત ૧૨૧ બાળકોની આંખની તપાસ કરવામાં આવી હતી



કમલમ્ ન્યુઝ,મુન્દ્રા,

ગુજરાતની ઉજ્જવળ આવતીકાલ સમાન બાળક તંદુરસ્ત અને સ્વસ્થ રહે તેની ગંભીર બિમારીઓનું નિદાન અને ઈલાજ રાજ્ય સરકારના શ્રેષ્ઠ તબીબો દ્વારા કરવામાં આવે તે માટેનો સેવાયજ્ઞ શાળા આરોગ્ય કાર્યક્રમ સરકારના આરોગ્ય વિભાગ દ્વારા ચલાવવામાં આવે છે. જે અંતર્ગત મુન્દ્રાની આર. ડી. પ્રાથમિક શાળાના આચાર્ય વાલજીભાઈ મહેશ્વરીની ઉપસ્થિતમાં શાળાના ૪૩ બાળકોને વિનામૂલ્યે ચશ્મા વિતરણ કરવામાં આવી હતી. આ અગાઉ રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ અંતર્ગત જરૂરતમંદ ૧૨૧ બાળકોની આંખની તપાસ તજજ્ઞ ડોકટર દ્વારા કરવામાં આવી હતી.આ તકે રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમના મેડિકલ ઓફિસર ડો. સુહાનાબેન મિસ્ત્રી, આકાંક્ષાબેન મહેશ્વરી, ડિમ્પલબેન ફફલ, મેઘજીભાઈ સોધમ તથા પ્રકાશભાઈ ઠકકર હાજર રહ્યા હતા.

# સુરત જિલ્લા ગ્રામ્ય પોલીસ દ્વારા કામરેજમાં ઉંભા મંગલ ખાતે લોન ધિરાણ સેમિનાર યોજાયો

## સુરત જિલ્લાના એસપી હિતેશ જોઈસર અને ડીવાયએસપી શ્રી વનાર આ પ્રસંગે ખાસ ઉપસ્થિત રહી માર્ગદર્શન આપેલ



કમલમ્ ન્યુઝ,મયુર પટેલ

ગેરકાયદેસર રીતે લોન ધિરનાર કરનાર વધારે વ્યાજ લઈને અનેક લોકો ફસાતા હોય છે વ્યાજના ચક્ર માં સતત ચકડો ફરતો જ હોય છે જેના કારણે અનેક પરિવારો ના જીવન તબાહ થઈ જાય છે અને મૃત્યુ ના ઘટનાઓ ખૂબ જ જોઈ શકાય છે

ત્યારે સુરત જિલ્લા ગ્રામ્ય પોલીસ દ્વારા જરૂરિયાતમંદ લોન ધારકો માટે સેમિનાર નું આયોજન કરવામાં આવેલ આ અંગે જાણવા મળેલ પ્રમાણે સુરત જિલ્લા ગ્રામ્ય પોલીસ દ્વારા જરૂરિયાત મંદને લોન મળી શકે તે દિશામાં સકારાત્મક પ્રયાસ પોલીસ તંત્ર દ્વારા થઈ રહ્યું છે

સુરત જિલ્લા ના ગ્રામ્ય વિભાગના તમામ તાલુકા માંથી ખૂબ જ મોટી સંખ્યામાં સુરત જિલ્લાના કામરેજ ખાતે લોન ધિરાણ સેમિનાર નું આયોજન થયેલ આ સેમિનારમાં તમામ બેંકના પ્રતિનિધિઓ તથા અધિકારીઓ અને સમાજ સુરક્ષાના અધિકારીઓ તબક્કેખાસ ઉપસ્થિત રહ્યા હતા સુરત જિલ્લાના એસપી શ્રી હિતેશ જોઈસર એ પોતાના માર્ગદર્શન માં જણાવેલ કે જરૂરિયાત મંદ તમામ લોકો સરકારને યોજનાઓનો લાભ પૂરેપૂરો લેવો જોઈએ બેંકમાંથી લોન લઈને પોતાની જરૂરિયાત મુજબ ધંધો કરી શકાય છે જેના કારણે આપણે વ્યાજના ખપરમાં થી બચી શકીએ લોન ધિરાણ સેમિનારમાં ઉપસ્થિત તમામ અધિકારીઓએ બેંકના લોન બાબતે ખૂબ જ વિગત સાથે માહિતી આપી હતી અને સકારાત્મક રીતે લોન લાભાર્થીને મળી જાય અને ત્યારબાદ બેંકમાં સમયસર ભરપાઈ કરવા થી કેટલું ફાયદો થાય છે જે અંગે માહિતી આપી હતી ડીવાયએસપી શ્રી વનાર એ જણાવેલ કે લોન હંમેશા જરૂરિયાત જેટલી જ લેવી જોઈએ અને યોગ્ય રીતે સમયસર ભરપાઈ થાય તે દિશામાં પણ આપણી સારી છાપ બેંક માં ઊભી થાય તે દિશામાં માર્ગદર્શન આપી હતી આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં દરેક તાલુકા માંથી લાભાર્થીઓ ભાઈઓ અને બહેનો ઉપસ્થિત રહ્યા હતા સાથે ભોજન નું પણ વ્યવસ્થા રાખેલ હતી અત્રે ઉલ્લેખનીય છે કે પોલીસ તંત્ર દ્વારા આ પ્રકારના પહેલી વખત પ્રજાહિતના આ સેવા કાર્યમાં લોક જાગરણ કરી રહ્યા છે જેની પ્રશંસા લોકોના મુખે સાંભળવા મળી હતી

# અંકલેશ્વર માં સગી સગીર પુત્રી ને જ પ્રેમીને સોપનાર માતા અને તેના પ્રેમીને આજીવન કેદ ની સજા ફટકારતી અંકલેશ્વર કોર્ટ



કમલમ્ ન્યુઝ,નરેન્દ્ર પટેલ

અંકલેશ્વર માં સગી સગીર પુત્રી ને જ પ્રેમીને સોપનાર માતા અને તેના પ્રેમીને અંકલેશ્વર ની એડિશનલ સેસન્સ કોર્ટે આજીવન કેદ ની સજા ફટકારી છે, અને સગીરા ની સગી માતા ને પણ આજીવન કેદ ની સજા ફટકારી સમાજ માં દાખલો બેસાડ્યો હતો. માતા અને તેના પ્રેમી ના જઘન્ય કૃત્ય થી કંટાળી દીકરી પિતા પાસે સુરત પલસાણા પહોંચી હતી. પિતા સમક્ષ આપવીતી વ્યક્ત કરતા અંતે શહેર પોલીસ મથકે પિતા એ પોતાની પૂર્વ પત્ની અને પ્રેમી સામે ફરિયાદ નોંધાવી હતી. અંકલેશ્વર શહેર માં ૨૦૧૭ માં પ્રથમ માસ માં ભારે ચકચાર જગાવનાર સગી માતા દ્વારા જ પોતાની દીકરી ને હવસખોર હેવાન ના હવાલે કરવા ના કિસ્સા માં આખરે પુત્રી અને તેના પિતા ને ન્યાય મળ્યો હતો. બનાવની વિગતો અનુસાર અંકલેશ્વર ઓએનજીસી કોલોની માં રહેતા જીતેન્દ્ર ચંદુ પટેલ પોતાની પ્રેમિકા પ્રવીણા પાટણ વાડીયા અને તેના બે સંતાન સાથે રહેતો હતો. પ્રવીણા સાથે તેના લગ્ન થયા ન હતા. તેના પતિ દિનેશ પાટણ વાડીયા સાથે ૨૦૧૫ માં આર્થિક પરિસ્થિતિ ને લઈ ઝગડો થતા છુટા પડ્યા હતા અને ૨૦૧૬ માં રાજીખુશી થી છૂટાછેડા લીધા હતા દરમિયાન પ્રવીણા પાટણવાડીયા અને તેના પ્રેમી જીતેન્દ્ર પટેલ સાથે પ્રથમ પલસાણા રહ્યા બાદ ૨૦૧૬ માં અંકલેશ્વર ઓ.એન. જી.સી કોલોની માં રહેવા આવ્યા હતા જ્યાં પ્રેમી જીતેન્દ્ર નું પોત પ્રકાશ્યું હતું. એક રાત્રી ના માતા સાથે સુતેલી સગીરા સાથે માતા ના પ્રેમી એવા જીતેન્દ્ર પટેલે અડપલાં કરવાની શરૂઆત કરી હતી જેનો સગીરા એ વિરોધ કરી માતાને જાણ કરતા માતા એ પણ સગી દીકરી ની પડખે રહી ન હતી બસ ત્યારથી માતા ના પ્રેમી ની હિંમત વધતા અવારનવાર પોતાની દીકરી સમાન પ્રેમિકા ની દીકરી સાથે દુષ્કર્મ આચરવાના શરૂઆત કરી હતી. વારંવાર ની આ યાતના થી ત્રાસેલી સગીરા ભાગી ને પહેલા જયાં રહેતા હતા ત્યાં પલસાણા પહોંચી ગઈ હતી. હતી. જ્યાં તેના પિતા દિનેશ પાટણવાડીયા પોતાની સગી માતા અને તેના પ્રેમી એ તેની સાથે કરેલ જઘન્ય કૃત્ય ની હકીકત જણાવી હતી . જે બાદ પિતા દ્વારા આ અંગે અંકલેશ્વર શહેર પોલીસ મથકે ગત ૩૦ મી જાન્યુઆરી ૨૦૧૭ માં ફરિયાદ નોંધાવી હતી પોલીસે પોકસો એક્ટ તેમજ આઈ.પી.સી ૩૭૬ હેઠળ ગુનો નોંધી તપાસ શરુ કરી હતી અને સાંયોગિક પુરાવા એકત્ર કરી કોર્ટમાં રજૂ કર્યા હતા.આ કેસ અંકલેશ્વર ની એડિશનલ સેસન્સ કોર્ટ માં ચાલી જતા સરકારી વકીલ જીગર પંચાલ ની દલીલો અને સાંયોગિક પુરાવા ઓ રજુ કરતા એડિશનલ સેસન્સ જજ વી જે કલોત્રા સાહેબે દલીલો અને પુરાવાઓ ને ગ્રાહ્ય રાખી સમાજ ને દાખલ રૂપ માતા અને તેના પ્રેમી ને આજીવન કેદ ની સજા ફટકારી હતી. તો મોઢું સંતાડી ને પોલીસ સાથે જેલમાં જતા માતા અને તેના પ્રેમી નજરે પડ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે માતા અને તેના પ્રેમી ની હેવાનિયત નો ભોગ બનેલી સગીરા એ કેટલા સમય પૂર્વે આપઘાત પણ કરી લીધો હતો.

# અંકલેશ્વર ના જુના કાંસીયા ગામ ના ખેડુતે અનોખા ગોબી ફ્લાવર ની ખેતી કરી



કમલમ્ ન્યુઝ,નરેન્દ્ર પટેલ

અંકલેશ્વર તાલુકા ના જુના કાંસીયા ગામના યુવા ખેડૂતે અન્ય શાકભાજી ના પાક સાથે વધુ વજન ધરાવતા અનોખી ગોબી ફ્લાવર ની ખેતી કરી અન્ય ખેડૂતો માટે પ્રેરણારૂપ બન્યા છે ,૪૫ દિવસ માં તૈયાર થતી ગોબી ફ્લાવર ની ખેતી માં ખેડૂત ને વધુ ઉત્પાદન ની સાથે પોષણક્ષમ ભાવપણ મળી રહ્યો છે, અંકલેશ્વર ના જુના કાંસીયા ગામ ના ખેડૂત અજય પટેલ પોતાના ખેતર માં પરંપરાગત ખેતી ની સાથે ટૂંકા ગાળા ની ખેતી તરફ ડગ માંડયા છે, તેઓ ટૂંકા ગાળા ની ખેતી માં વધુ ઉપજ ની સાથે માર્કેટ માં પોષણક્ષમ ભાવ મળી રહે તે માટે શાકભાજી ના વાવેતર ની સાથે અનોખા ગોબી ફ્લાવર ની વાવણી કરી છે.તેઓ એ પોતાના ખેતર માં ૪૫ દિવસ અગાઉ આ ગોબી ફ્લાવર નું વાવેતર કર્યું હતું અને હાલમાં ગોબી ફ્લાવર નો મબલખ પાક તૈયાર થતા તેઓ એ કાપણી ની શરૂઆત કરી છે ,આ ગોબી ફ્લાવર ની ખાસીયત એવી છે કે એક ગોબી ફ્લાવર ચાર થી પાંચ કિલોગ્રામ વજન ધરાવે છે. સામાન્ય ગોબી ફ્લાવર એક થી બે કિલો વજન ધરાવે છે જયારે આ ગોબી ફ્લાવર નો છોડ ત્રણ થી ચાર ફૂટ ની ઉંચાઈ ધરાવે છે.અને ગોબી ફૂલ વધુ વજન ધરાવતું હોવાથી અન્ય ખેડૂતો પણ જોવા માટે આવી રહ્યા છે ,અજય પટેલ ગોબી ફૂલ ની કાપણી કરી નજીક ની માર્કેટ માં વેચી રહ્યા છે અને તેઓ ને ૨૦ કિલો ના ૨૦૦ થી ૩૦૦ રૂપિયા જેટલો ભાવ મળી રહેતા રાહત અનુભવી રહ્યા છે ત્યારે ગામના અન્ય ખેડૂતો પણ અજય પટેલ પાસે ગોબી ફ્લાવર ની ખેતી અંગે માહિતી મેળવી રહ્યા છે.

## બાબા બર્ફાની ભંડારા દ્વારાઘી નાશિવ કમળનુંઆયોજન.



કમલમ્ ન્યુઝ,સમીર શાહ

તાપી જિલ્લાના વ્યારા નગરમાં બાબા બર્ફાની ભંડારા દ્વારા દેવોના દેવ મહાદેવની ઘી ના શિવ કમળનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. દેવોના દેવ મહાદેવની શિવ કમળ ની શોભાયાત્રા. તા.૧૮-૨-૨૦૨૩. ના રોજ બપોરે ત્રણ કલાકે મહામાયા કૃપા ધામ ( અંબાજી મંદિર) ઉનાઈ રોડ થી વ્યારા નગરમાં નીકળશે.

# ડાંગ જિલ્લાના કુકડનખી ગામેથી ’સુજલામ સુફલામ જળ અભિયાન’નો પ્રારંભ કરાવતા વિધાનસભાના નાયબ દંડક શ્રી વિજયભાઈ પટેલ





કમલમ્ ન્યુઝ,અમરનાથ જગતાપ

રાજ્યમા ભૂગર્ભ જળસ્તર ઊંચા લાવવાના હેતુથી વરસાદી પાણીના મહત્તામ સંગ્રહ માટેના મહત્વપૂર્ણ અભિયાન ’સુજલામ સુફલામ જળ અભિયાન’નો આજથી મુખ્યમંત્રીશ્રીના હસ્તે રાજ્યવ્યાપી પ્રારંભ કરવામા આવ્યો છે. જેને સમાંતર જિલ્લાઓમા પણ આ કાર્યક્રમોનો શુભારંભ થતા,ડાંગ જિલ્લાના કુકકડનખી ગામે ધારાસભ્ય તેમજ વિધાનસભાના નાયબ દંડક શ્રી વિજયભાઈ પટેલની ઉપસ્થિતીમા ખાપરી નદી ઉપર ચેકડેમ રિપેરીંગ તેમજ તળાવ ઊંડું કરવાના કામ સાથે “જળ સંચય અભિયાન-૨૦૨૩” નો શુભારંભ કરાયો છે આ પ્રસંગે દંડક શ્રી વિજયભાઈ પટેલે જણાવ્યુ હતુ કે, વરસાદી પાણીનો સંચય થાય તે હેતુસર સરકારશ્રી દ્વારા જળ સંચય અભિયાનનો શુભારંભ કરવામા આવ્યો છે. જળ સંચય અભિયાનથી કુવા તળાવ રિચાર્જ થશે. જે પાણીનો લાભ પીવા તેમજ ખેતીના માટે ઉપયોગી થશે. ડાંગ જિલ્લાના અનેક વિસ્તારમા જળ સંગ્રહ કાર્યક્રમો યોજાનાર છે. જેનાથી ૪૦૦ થી વધુ હેકટર જમીનને ખેતીનો લાભ મળશે.

આ ઉપરાંત ચેકડેમ ડીસિલ્ટીંગની કામગીરીથી સ્થાનિક લોકોને રોજગારી મળશે. સાથે જંગલ વિસ્તારમા તળાવ ઊંડું કરવાની કામગીરીથી સ્થાનિક લોકો સહિત વન્યજીવોને પણ પાણીનો લાભ મળશે તેમ શ્રી વિજયભાઈ પટેલે જણાવ્યુ હતુ. ભૂતકાળમા ફકત ચોમાસુ ખેતી પર નિર્ભર રહેતા ડાંગના લોકો હવે સુજલામ સુફલામ યોજનાથી ચિંચાઈ આધારિત ખેતી કરી આગળ વધશે. સરકારશ્રી દ્વારા આ યોજનાથી પોતાના ગામમા તળાવ ઊંડું કરવાની કામગીરીની સ્થાનિક સરપંચ શ્રી સંકેતભાઈ બંગાળે સરાહના કરી હતી.

**સુજલામ સુફલામ જળ અભિયાનના ફાયદા**

આ અભિયાનથી ભુગર્ભ જળના સ્તર ઉંચા આવશે. જળ સંગ્રહ વધશે. ખોદકામ તથા ડીસિલ્ટીંગની કામગીરીથી નીકળનાર માટી, કાંપનો ઉપયોગ ખેડુતો પાતાના ખેતરમા કરશે. પર્યાવરણમા સુધારો થશે, અને ખેત ઉત્પાદનમા પણ વધારો થશે.

સુજલામ સુફલામ જળ અભિયાન હેઠળ ડાંગ જિલ્લાની કામગીરી ભુતકાળના વર્ષ ૨૦૧૯મા સુજલામ સુફલામ જળ અભિયાન હેઠળ ચેકડેમ રીંપરીંગ, ચેકડેમ ડીસીલ્ટીંગ, ખેત તલાવડી, નવા ચેકડેમ, સંપ સફાઈ કામો મળી કુલ ૨૪૯ કામો કરવામા આવ્યા હતા. જેના થકી કુલ ૧૬૫.૫ લાખ લીટર પાણીનો સંગ્રહ કરવામા આવ્યો છે. વર્ષ ૨૦૨૦મા ૨૦૯ કામો કરવામા આવ્યા, જેના થકી કુલ ૧૦૫.૫ લાખ લીટર પાણીનો સંગ્રહ કરવામા આવ્યો છે. વર્ષ ૨૦૨૧મા ૧૯૬ કામો કરવામા આવ્યા હતા, જેના થકી કુલ ૧૫૨.૦ લાખ લીટર પાણીનો સંગ્રહ કરવામા આવ્યો છે. વર્ષ ૨૦૨૨મા ૧૯૪ કામો કરવામા આવ્યા, જેના થકી કુલ ૧૬૯.૪૫ લાખ લીટર પાણીનો સંગ્રહ કરવામા આવ્યો છે.

**વર્ષ ૨૦૨૩મા સુજલામ સુફલામ જળ અભિયાન હેઠળ કરવામા આવનાર કામગીરી**

જળ સંપત્તિ વિભાગ દ્વારા ડાંગ જિલ્લામા ચેકડેમ રિપેરીંગ અને ઉંડા કરવાનુ તથા સંગ્રહ તળાવ રિપેરીંગ અને ઉંડા કરવાના કામ મળી કુલ ૯૩ કામો રૂ. ૧૨૪૩.૪૬ લાખના ખર્ચે કરવામા આવશે. પાણી પુરવઠા વિભાગ દ્વાર એરવાલ્વ રિપેરીંગ, સંપ, ટાંકાની સફાઈના કુલ રૂ. ૩.૮૫ લાખના ૨૭ કામો કરવામા આવશે. જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી દ્વારા મનરેગા હેઠળ ચેકડેમ ડીસીલ્ટિંગના અને ખેત તલાવડીના કુલ રૂ.૧૬૧.૮૦ લાખના કામો કરવામા આવશે, જેના દ્વારા ૫૧. ૨૫ લાખ લીટર પાણીનો સંગ્રહ થશે. તેમજ વન વિભાગ દ્વારા નવીન ચેકડેમ,ચેકવોલ અને વન તલાવડી બનાવવાના કુલ રૂ.૬૪.૭૧ લાખના ૧૭ કામો કરવામા આવશે, જેના થકી વન્ય પ્રાણીઓને પીવાના પાણીનો લાભ મળશે.

આમ વર્ષ ૨૦૨૩મા રૂ.૧૫૧૩.૪૨ લાખના ખર્ચે ૨૪૪ કામો કરવામા આવશે, જેના થકી ૨૫૦ લાખ લીટર પાણીનો સંગ્રહ થશે અને ૪૮૫ હેકટર કરતા વધુ સિંચાઈનો લાભ મળશે. કુકડનખી ગામે સુજલામ સુફલામ કાર્યક્રમ પ્રંસગે સ્થાનિક પદાધિકારીઓમા તાલુકા પંચાયત સદસ્ય શ્રી સંજયભાઈ, સરપંચ શ્રી દિનેશભાઈ, શ્રી મંગલેશભાઈ ભોંયે, તેમજ પ્રાંત અધિકારી શ્રી રાજેન્દ્રસિંહજી ચૌહાણ, નાયબ જિલ્લા વિકાસ અધિકારી શ્રી યોગેશભાઈ જોષી, જિલ્લા ગ્રામ જિલ્લા વિકાસ એજન્સી નિયામક શ્રી શિવાજી તબિયાડ, પાણી પુરવઠાના કાર્યપાલક ઈજનેર શ્રી હેમંત ઢીમ્મર, સિંચાઈ ના કાર્યપાલક ઈજનેર શ્રી આર.આર. ગાવિત તેમજ સંબંધિત અધિકારી/કર્મચારીઓ અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

